Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

90

# દેશ વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગે છે,2047 પછી ભારત હશે સર્વ ગુણ સંપન્ન

**પ્રા. ડૉ. અંબાબહેન એમ ચૌધરી**

ગુજરાતી વિભાગ

એન.પી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,કેશોદ

દેશ વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગે છે,અમૃત કાળના અંત સુધી ભારત થઈ જશે સર્વગુણ સંપન્ન.હાલ સમય ઇતિહાસનું સર્જન કરવાનો છે,ઇતિહાસ રચવાનો સમય છે.આ એજ સમય છે ભારતને પ્રગતિના પંથે આગળ વધારવાનો જે આપણે આઝાદીના સમય ગાળામાં જોયો હતો.આઝાદી ની લડાઈ દરમિયાન સ્વદેશી આંદોલન હોય, દાંડી કૂચ હોય, જન જન સંકલ્પ બની ગયો હતો. દેશ માટે આજે એવા જ સંકલ્પ ની જરૂર વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે છે. વિકસિત ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ બહું મોટો બની ગયો છે દેશનો દરેક બાળક ઈચ્છે છે કે આગામી 25 વર્ષમાં ભારત વિકાસશીલ રાષ્ટ્ર બની જાય. ભ્રષ્ટ્રાચાર ને રોકવા માટે ફાઈલિંગ પ્રક્રિયા ને સરળ અને પારદર્શક બનાવી પડશે. ટકાઉ અને સર્વ સમાવેશક શહેરીકરણ ની ખાતરી કરવા માટે શહેરી આયોજન પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન જરૂરી છે. આજે ભારત વિશ્વમાં પોતાની અલગ જ છાપ છોડી રહ્યો છે.ઝડપ  થી બદલાતી ટેકનોલોજી એ સાબિત કર્યું

છે. કે નવીનતા અને સંશોધન નક્કી કરશે કે 21 મી સદી કોની હશે?નવા ભારતનાં નિર્માણ માટે ટેકનોલોજી, કમ્યુનિકેશન, હેલ્થ ડિફેન્સ, સ્પેસ, ડ્રોન સસ્ટેનેબલ એનર્જી, રોબોટ્સ, ચીપ મેન્યુફેક્ચરિંગ, બાયોટેક, નેનોટેક્નોલોજી વગેરેની સાથે સાથે ફાર્મા સુપર કોમ્પુટર, સેમીકંડકટર અને હાઈડ્રોજન મિશન ડેવલપમેન્ટમાં જડપથી બદલાવ થતો રહે છે. તે એક સકારાત્મક પાસું છે કે ભારત એક યુવા દેશ છે. આનો લાભ લેવા માટે ઉત્પાદન પાયામાં વૈવિધ્યકારણ સાથે મજબૂત પાયો બનાવવો પડશે. રાજ્યોએ ઉત્પાદન સાથે જોડાયેલા પ્રોત્સાહનોને વેગ આપવા માટે પણ મહત્વની ભૂમિકા ભજવવી પડશે. તકનીકી પ્રગતિના સકારાત્મક પરિણામો આર્થિક વૃદ્ધિના સ્વરૂપમાં દેખાઈ રહ્યા છે. નિષ્ણાતો માને છે કે 2050 સુધીમાં ભારત વિશ્વની બીજી સૌથી મોટીઅર્થવ્યવસ્થા બનવા માટે યુ. એસ. એ ને પાછળ છોડી દેશે. અને વિશ્વના કુલ જી.ડી.પી માં 15% થી વધુ યોગદાન આપશે. અમૃત કાળનાં અંત સુધીમાં ભારત વિકસિત બનવાની સંભાવના છે.

નાણાકીય સેવા કંપની તાજેતરના અહેવાલમાં પણ પ્રતિબિંબિત થાય છે. સાયન્સ એન્ડ ટેકનોલોજી ડેવલોપમેન્ટ રિપોર્ટ અનુસાર ભારત વિશ્વમાં ટેકનોલોજી વ્યવહાર માટે સૌથી આકર્ષણ રોકાણ સ્થળોમાં ત્રીજા ક્રમે છે. ભારત મૂળભૂત સંશોધન ક્ષેત્રે ટોચના ક્રમાંકિત દેશોમાં સામેલ થઈ ગયું છે. ગ્લોબલ ઇનોવેશન ઈન્ડેક્સ અનુસાર ભારત 2015 માં 81 માં સ્થાનેથી 2022 માં 40 માં સ્થાને પહોંચી ગયું છે. ગયા વર્ષના રેનકીગમાં ભારત 46 માં ક્રમે હતું. જેટલી ઝડપથી ટેકનોલૉજી માં સુધારો થશે તેટલીજ ઝડપથી ભારતીય અર્થતંત્ર નો વિકાસ પણ થશે. ભારત દેશ નવીનતમ ટેકનોલોજી નવી ઔધોગિક ક્રાંતિનો પાયો બનાવે છે. નવી સેવાઓ અને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

ઉદ્યોગના પ્રચાર સાથે જાહેર રોકાણ મહતમ આર્થિક વેતન મેળવવાનું શરૂ કરે છે. કર્મચારીઓમાં મહિલાઓનું યોગદાન વધવાથી રોજગાર સર્જન પણ વધ્યો છે. ડીજીલાઈઝેશનના કારણે વિસ્તરણ થી અર્થતંત્રને વેગ મળ્યો હોવા છતાં,ભારતે ઔધોગિક વિશ્વવ્યવસ્થાનો મુખ્ય કેન્દ્ર બનવા માટે મોટાપાયે ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

ભારતની ઔધોગિક સહસિક્તાને શક્તિને નિયંત્રણ મુક્ત કરવી જરૂરી છે. જેથી આપણે રોજગાર માગનારાઓ કરતાં વધુ રોજગાર આપનારાઓ હોય તેવો દેશ બનાવી શકીએ .. સંકલિત વ્યવસ્થાઓ સાથે અધ્યતન ટેકનોલોજી આધારિત માળખાકીય સવલતો પૂરી પાડી શકાય. નવા મેઇકઇન ઈન્ડિયા હેઠળ સરકાર ઉદ્યોગ જગત સાથે કેવી રીતે વ્યવહાર કરે છે તે જોવાનો સમગ્ર દ્રષ્ટિ કોણ બદલવાનો પણ ઇરાદો. 132 કરોડ જેટલા વસ્તી વધારાના લીધે સંશોધનોની કમી ને લીધે ભારતની દરેક વસ્તીને ઘર,પાણી ,અનાજ ,ગેસ,કેરોસીન ,સ્કૂલ,હોસ્પિટલ વગેરે પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે,એટલે વસ્તીનું પ્રમાણ કંટ્રોલમાં થવું જોઈએ બધા ભારતીયોએ સરકાર માનનીય ટેકસો જે યોગ્ય હોય તે ભરવા જોઈએ કે જેનો ઉપયોગ ભારતના ઇન્ફ્રાસ્ટ્રકચરના વિકાસમાં સરકાર દ્વારા કરી શકાય.

વિશ્વ બેંકના ધોરણ અનુસાર ભારતની માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક એસ -2170 પ્રતિ વ્યક્તિ છે. આગામી 25 વર્ષમાં 9-10%નો આર્થિક વિકાસ દર હાસલ માટે સરકારે ખાનગી કંપનીઓ સાથે સહયોગ અને ભાગીદારી દ્વારા દેશમાં મજબૂત વૈશ્વિક પુરવઠા શ્રુંખલા ને પ્રોત્સાહન આપવાની જરૂર છે,જે ફક્ત નવીનતા અને ટેકનોલોજી દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. આજે જો દેશ કેટલાક સામાજિક –આર્થિક સૂચાકોમાં પછાત છે. તો તેનું મુખ્ય કારણ એ છે વિકાસના

લાભો દરેક નાગરિક સુધી સમાન રીતે પહોંચ્યા નથી. આવકની અસમાનતા ઘટવાને બદલે સતત વધતી રહી છે,જેમાં સમાવેશ વૃદ્ધિ માટેની જગ્યા ઘટે છે. અસમાનતાના આ ઊંડા અંતરને દૂર કરવા માટે એક તો કૃષિ ક્ષેત્રને આવક પેદા કરવાની ક્ષમતા વધારવી પડશે. ભારતના વિશાળ નાણાકીય બજારને જોતાં એમ કહી શકાય કે ભવિષ્ય ભારતનું છે. દેશ ને વિકસીત બનાવવા માટે તમામ હિતકારકો –કેન્દ્રો અને રાજ્ય સરકારો, જાહેર અને નાગરિકોએ ખૂબ જ સમર્પિત રીતે કામ કરવું પડશે.

રોબોટિક્સ અને AI ટેકનોલોજી દ્વારા મેન્યુફેચરિંગ સિસ્ટમને મજબૂત બનાવી શકાય છે. આ મેન્યુફેચરિંગ ઉદ્યોગ,ફૂડપ્રોસેસિંગ,ઓટોમોબાઈલ અને ફાર્મા વગેરે જેવા ઉભરાતા બજારોને પણ ઉપયોગી સંભાવના ને ઝડપથી બદલાતી વપરાશ પેટર્ન પણ નવીનતા અને સંશોધનને આગળ ધપાવે છે. સ્થાનિક વપરાશના આધારે ભારત વિશ્વનું સાતમું અંતિમ વપરાશ ખર્ચ બજાર છે. ખાનગી વપરાશ અને સરકારી વપરાશ સંયુક્ત રીતે જીડીપીના 70%થી વધુ છે. જે માથાદીઠ આવકમાં ઝડપથી વધારો કરે છે. આથી દેશના સફળ ઔદ્યોગિક એકમો દેશના અર્થતંત્રને ખૂબ સારી રીતે આગળ ધપાવે છે. જો કોઈ દેશ ગરીબીમાં સપડાય તો કોઈપણ રીચ હેરિટેજ અને સ્વસ્થ ઇતિહાસ હોવા છતાંય દુનિયામાં તેની પડખે જૂજ દેશો ઊભા રહે છે. આથી આપણે વિકસિત ભારત માટે આપણા શહેરો વલ્ડ,સ્માર્ટ અને બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર દ્વારા લવેબલ અને લિવેબલ બને તે ખૂબ જરૂરી છે, માટે એમને મેયરો, મ્યુનિસિપલ કમિશનરો, શિક્ષણવિદો, ઉદ્યોગ નિષ્ણાંતો સહિત શહેરના નેતાઓ, લગભગ 800 વૈશ્વિક સહભાગીઓ અને વિશ્વ બેંક અને યુનિસેફ સહિત વિવિધ સંસ્થાઓના પેનલિસ્ટો ભાગ લઈ રહ્યા છે. ગરીબો,યુવાનો,આપણા દેશના

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

અન્નદાતા એટલે કે આપણા ખેડૂતો,આપણી માતૃશક્તિ,આપણી નારીબહેનો આ વિકસીત ભારતના આધારસ્થંભ છે,એટલે તેમનું સશક્તિકરણ કરવું આપણી પ્રતિબદ્ધતા છે. વિકસીત ભારતની સંકલ્પ યાત્રા કાર્યક્રમ અનેક લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના લાભ મળી રહ્યા છે,લાભાર્થીઓ જ સરકારી યોજનાની સફળતાના સૂચક પણ બન્યા છે. આગામી ભારત વિકસીત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ભારત સરકાર લાખો ગામડાઓમાં પહોંચી ગઈ હતી એવું આઝાદીના 75 વર્ષમાં પહેલીવાર થયું છે. અને આપણા ગુજરાતમાં પણ  કરોડો –કરોડો લોકો આ કાર્યક્રમમાં સાથે જોડાઈ ગયા છે. સરકારના આ પ્રકારના પ્રયાસો થી છેલ્લા દસ વર્ષમાં દેશના જે સૌથી મોટું કામ થયું છે આ 10 વર્ષમાં 25 કરોડ લોકો ગરીબીની રેખામાંથી નીકળી ગયા છે, અને 25 કરોડ લોકો ગરીબીને પરાસ્ત કરવામાં સફળ થયા છે. પ્રધાનમંત્રી યોજના હેઠળ શહેરી વિસ્તારમાં આઠ લાખથી વધારે ઘરનું નિર્માણ થઈ ગયું છે,અને ગ્રામીણ વિસ્તારમાં પાંચ લાખથી વધારે ઘરોનું નિર્માણ થયું છે. નવી ટેકનિક અને ઝડપથી ઘર બનાવવા માટે આપણે આપણી આવાસ યોજનાઓમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ.

આમ દેશ વિકસીત રાષ્ટ્ર બનવાના માર્ગે છે ત્યારે યુવાનોની મદદથી ભારત બનશે વિકસીત દેશ આ આઝાદીનો સુવર્ણકાળ છે, અને ભારતને પ્રગતિના પંથે આગળ વધવાનો આ યોગ્ય સમય છે. સમગ્ર યુવા પેઢી પોતાની ઉર્જા દ્વારા દેશને આગળ લઈ જવા તૈયાર છે,જે રીતે આઝાદી સમયે યુવાનોનો ઉત્સાહ દેશ ને આગળ લઈ ગયો હતો, તેવી જ રીતે એ યુવાનોનું લક્ષ્ય અને સંકલ્પ એક જ હોવો જોઈએ વિકસીત દેશ કી રીતે બનશે ભારત.